# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ

## જાગૃતિ સંદેશ

૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭. ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૫૭૨૬૬૩૬
www.jainjagruti.com
www.jainjagruticentre.com
www.jainjagruticentre.org

માનદ્ તંત્રી : **શ્રી રમેશ એમ. સંઘવી**
સહતંત્રી : **શ્રી અશોક એ. શાહ**



### કેબિનેટ કમિટી

| | | |
|---|---|---|
| ચૅરમૅન | : | શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| આઈ.પી.ચૅરમૅન | : | શ્રી કિરણ એચ. શાહ |
| ફાઉન્ડર ચૅરમૅન | : | શ્રી ચીમનલાલ એસ. ગોસલિયા |
| વાઈસ ચૅરમૅન | : | શ્રી રમેશ જે. મોરબિયા |
| | | શ્રી પ્રફુલ્લ એમ. શાહ |
| સેક્રેટરી જનરલ | : | શ્રી સંજય બી. શાહ |
| સેક્રેટરી | : | શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| | | શ્રી કિશોર એસ. શેઠ |
| | | શ્રી કીર્તિ પી. સખપરા |
| ડેવલપમેંટ સેક્રેટરી | : | શ્રી જયંતીલાલ કે. છાડવા |
| ખજાનચી | : | શ્રી અનિલ જી. દોશી |
| તંત્રી | : | શ્રી રમેશ એમ. સંઘવી |

### જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ–કમિટી

| | | |
|---|---|---|
| ચૅરમૅન | : | શ્રી કિશોર એન. શાહ |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન | : | શ્રી કિરણ એચ. શાહ |
| વાઈસ ચૅરમૅન | : | શ્રી ચંદ્રવદન આર. શાહ |
| વાઈસ ચૅરમૅન | : | શ્રી રમેશ જે. મોરબિયા |
| સેક્રેટરી | : | શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| સેક્રેટરી | : | શ્રી સંજય બી. શાહ |
| જો. સેક્રેટરી | : | શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| ખજાનચી | : | શ્રી હસમુખ કે. દેઢિયા |
| સહખજાનચી | : | શ્રી કિશોર એસ. શેઠ |

**: ટ્રસ્ટીઓ :**

| | |
|---|---|
| શ્રી દીપચંદ એસ. ગાર્ડી | શ્રી પ્રવીણ જી. શાહ |
| શ્રી કમલેશ સી. શાહ | શ્રી હર્ષદ જે. ગાંધી |
| શ્રી રાજેશ સી. ગાંધી | શ્રી નીતિન એમ. સંઘવી |
| શ્રી રસિક એન. કોઠારી | શ્રી જયંતીલાલ કે. છાડવા |
| શ્રી શૈલેશ ડી. શાહ | શ્રી અનિલ જી. દોશી |
| શ્રી રાજેષ આર. ભણસાલી | શ્રી રમેશ એમ. સંઘવી |

● પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચારો લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.
● કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.


**છૂટક મૂલ્ય રૂા.૫/-   વાર્ષિક લવાજમ રૂા.૪૦/-**

## Message From The CHAIRMAN.....



### પ્રિય સ્નેહાળ સભ્યો,

જય જિનેન્દ્ર,

૧૪મી ફેબ્રુઆરી- વેલેન્ટાઈન ડેના દિવસે આ લખી રહ્યો છું ત્યારે સૌથી પ્રથમ સ્નેહની અભિવ્યક્તિ વ્યક્ત કરવાના અવસરે આપ સૌને Happy Valentine Day. I love all of you ! આ દિન વિશ્વબંધુત્વ પ્રસરાવતો દિન બની રહેવો જોઈએ. આપણે જો આ Eventનું ભારતીય નામ આપવું હોય તો વિશ્વબંધુત્વ દિન આપવું જોઈએ. મલકાતા હોઠે હું પૂછું કે આપણે ત્યાં તહેવારોની કોઈ કમી છે કે હવે તહેવારો પણ Import કરવા પડે છે ?

દુનિયાની કોઈ જ પ્રજા પાસે ન હોય તેટલા તહેવારો આપણે અમુક આશય સાથે ઊજવીએ છીએ, છતાં ૩૧ ડિસેમ્બર, મધર્સ ડે, ફાધર્સ ડે, વેલેન્ટાઈન ડે, ફ્રેન્ડઝ ડે, ટીચર્સ ડે, વુમન ડે વગેરે અલગ અલગ પ્રયોજનથી ઊજવીએ છીએ. આપણી પાસે ધાર્મિક તહેવારો છલોછલ છે, પણ આપણને ટેવ પડી ગઈ છે ફૉરેનની વસ્તુ સારી તે તરત જ અપનાવી લેવાની. તેના સારાસારની ખેવના કર્યા વિના વિવેકબુદ્ધિ કોરાણે મૂકી બસ અપનાવી લેવાનું! ચલો ત્યારે લોલમાં લોલ! કઈ રીતે ઊજવ્યો તમે વેલેન્ટાઈન ડે!

આપણા જેજેસીનું ફલક વિસ્તરી રહ્યું છે. આપણા પરિવારનું ૧૩૭મું સેન્ટર જૈન જાગૃતિ સેન્ટર-જેતપુર રવિવાર, તા. ૨૦મી ફેબ્રુઆરીના રોજ શરૂ થઈ રહ્યું છે. નવાગંતુકને Welcome અને અભિનંદન.

જાન્યુઆરી અને ફેબ્રુઆરી એટલે જેજેસી ખાતે Eventની હારમાળા. જેજેસી-કાંદિવલીનો યુવામેળો, જેજેસી-ધોરાજી આયોજિત ચાર સેન્ટરનું ગેટ–ટુ–ગેધર, જેજેસી–અંકલેશ્વરનો ચાર્ટર દિન. આ દરેકને અભિનંદન. જેજેસી–મુંબઈએ તેનાં ૩૦ વર્ષ પૂરાં થયાંની ખુશાલીમાં Exclusive કાર્યક્રમો રાખ્યા. તે હારમાળામાં ૧૨મી ફેબ્રુઆરીએ એક મેગા કાર્યક્રમમાં આપણા જૈનોમાં ખૂબ જ વિખ્યાતિ પામેલ સુપ્રસિદ્ધ કવિ–સંગીતકાર અને ગાયક શ્રી શાંતિલાલ શાહનાં ગીતોની C.D. તૈયાર કરી તેનું વિમોચન મારા હસ્તક કર્યું. C.D.માં શ્રીમતી અલકા કિરણ શાહે ગાયેલા મધુર સ્તવનનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. જેજેસી–મુંબઈને અભિનંદન.

તા. ૧૩મી ફેબ્રુઆરીના રોજ જેજેસી–સૂર્યપુર સુરત દ્વારા એક યુવામેળાનું સુંદર આયોજન પાર પાડવામાં આવ્યું. તાજેતરમાં જ કલાનગરી વડોદરા દ્વારા આયોજિત યુવામેળામાં ૬૧૦ યુવક–યુવતીએ ભાગ લીધો હોવા છતાં આ જ પંથકમાંથી સૂર્યપૂર દ્વારા

યોજિત આ યુવામેળામાં ૪૦૦ જેટલાં યુવક-યુવતીઓએ ભાગ લીધો. સૂર્યપુર-સુરતની ટીમને ધન્યવાદ પાઠવું છું.

જેજેસીના આટલા સમાચારો વચ્ચે સવારે જ્યારે ન્યૂઝપેપર ખોલીએ છીએ ત્યારે દિલ રંજથી ભરાઈ જાય છે. એક પણ સમાચાર સારા આવતા જ નથી જે આપણને ઉત્સાહ પ્રેરે.

વર્ષ ૨૦૧૦ને ખરેખર કૌભાંડી વર્ષ ગણી શકાય. મીડિયાને કહેવાનું કે હવે તો અમે કૌભાંડોના સમાચાર વાંચી વાંચીને ધરાઈ ગયા છીએ. મહેરબાની કરીને હવે બે લાખ કરોડથી વધારેના કૌભાંડ હોય તો જ છાપજો. નાનાંનાનાં કૌભાંડોમાં અમને રસ નથી અને વાંચવાનો સમય પણ નથી, કારણ મોંઘવારીએ અમારી આજુબાજુ એવો ભરડો લીધો છે કે સામાન્ય માણસોએ તો સવારે ઊઠતાંવેંત ભાગવું જ પડે છે ત્યારે માંડમાંડ ખર્ચાને પહોંચી વળાય છે. હવે લાગે છે કે પરપોટો ફૂટવાની ઘડી નજીક આવી ગઈ છે. હજી સ્પેક્ટ્રમનો અર્થ જાણીએ ત્યાં તો ઈસરોનું કૌભાંડ આવી પહોચ્યું છે. રાફડામાં હજી કેટલાં કૌભાંડો છુપાયેલાં છે તે તો ખબર નથી. આપણો દેશ હવે સહિષ્ણુતાની અવધિએ ઊભો છે.

Equilibrium ટકી ગયો છે. એક ચિનગારી બસ છે, પછી તેને કાબૂમાં લેવું બહુ અઘરું છે. ઈજિપ્ત, સુદાન, નાઈજીરિયા, કેનિયા વગેરે દેશોના નોંધાયેલા તાજેતરના દાખલા નજર સમક્ષ છે. અત્યારે તો આપણે એમ કહી શકીયે કે આપણી લોકશાહી પુખ્ત જરૂરથી બની છે, પણ તેને આપણે ગ્રાહી શક્યા નથી. બેધારી તલવાર પર ચાલી રહ્યા છીએ. વિવિધ પ્રાંતો, ભાષા, સંસ્કૃતિનું એકીકરણ (Fusion) થઈ ગયું છે છતાં આપણે સ્વાર્થથી અંધ બની એકબીજાથી અળગા જ છીએ.

ડાલમથ્થા રાજકારણીઓએ દેશની એવી હાલત કરી નાખી છે કે ક્યારેક તો ફુગ્ગો ફૂટી જશે. ભૂખ્યા-નગ્ન ગરીબોનાં ટોળાંનો આક્રોશ કાબૂમાં નહીં રહે ત્યારેય આ વાંદા જેવી જમાત છટકી જશે અને હડફેટમાં આવી જશે આપણા જેવા નિર્દોષ માણસોનો સમુદાય. ડાહ્યા, હોશિયાર અને ચકોર માણસો હંમેશાં આવી રહેલા તોફાનને પરખી જાય છે અને સાવચેતીનાં પગલાં લઈ જ લે છે. આપણે શું કરવું જોઈએ તે વિશે ચર્ચા કરીશું આગામી અંકોમાં ક્યારેક. ત્યાં સુધી પ્રાર્થના કરો કે એવો સમય આવે નહીં.

*લિ. જિતેન્દ્ર કોઠારી*
*ચૅરમૅન: જે.જે.સી. - સેન્ટ્રલ બોર્ડ*

## રાંધણગૅસની બચત કરવાની કળા અપનાવો

ગૅસની બચત કરવા માટે કેટલીક ઉપયોગી બાબતો છે જેના પર ગૃહિણીઓ જો ધ્યાન આપશે તો એ ગૅસની ઘણીબધી બચત કરી શકશે.

★ દાળ-ચોખા વીણીને દસ-પંદર મિનિટ પહેલાં જ પાણીમાં પલાળી દો. દાળને કૂકરમાં જ બનાવો. દાળ ઝડપથી બનશે.

★ દાળ-ચોખા-રસાવાળા શાકમાં પાણી એટલું જ નાખો જેટલા પાણીમાં એ રંધાઈ જાય અને ગૅસ વધારે સળગાવવો ન પડે.

★ સૂકાં-કોરાં શાકભાજી બની શકે ત્યાં સુધી પાણી વગર ધીમી આંચ પર રાખીને બનાવો, ગૅસની બચત થશે. જો જરૂર પડે તો એકદમ ઓછા પ્રમાણમાં પાણી નાખો.

★ રોટલી-પરોઠા કે પૂરી બનાવતાં પહેલાં તેના લૂઆ બનાવી લો, પછી વણીને થાળીમાં ગોઠવી દો, પછી એકસાથે સળંગ રોટલી, પરાઠા કે પૂરી બનાવી લો. આમ કરવાથી ગૅસ ખાલી ખાલી બાળવો નહીં પડે.

★ જો ત્રણ-ચાર શાક બનાવવાનાં હોય તો વઘારી લીધા પછી કૂકરમાં આવતાં સેપરેટર એટલે કે જુદાં જુદાં ખાનાંમાં મૂકીને કૂકરમાં એક જ વારમાં રાંધી શકાય.

★ રાંધવામાં વધારે સમય લે તેવી વસ્તુઓ જેમ કે ચણા, વટાણા વગેરે જેવી વસ્તુઓ સહેજ ગરમ પાણી કરીને ચાર-પાંચ કલાક પલાળી રાખો પછી જ રાંધો. કઠોળમાં સોડા નાખી પલાળવાથી જલદી રંધાઈ જશે.

★ શાકભાજી, ટામેટા, કોથમીર વગેરે પહેલેથી કાપીને રાખો. જેથી રાંધતી વખતે ગૅસ ચાલુ રાખીને એ કાપવા ન પડે.

★ વાસણને ગૅસ પર મૂક્યા પછી જ ગૅસ ચાલુ કરો.

★ બધા જ પ્રકારનાં શાકભાજીને નોનસ્ટિક કડાઈમાં જ રાંધો. તેનાથી શાકમાં તેલ ઓછું જોઈએ છે. સમય ઓછો લાગે છે અને ગૅસની બચત થાય છે.

★ શાકભાજીને હંમેશાં ઢાંકીને જ ચડાવવાં. શાકભાજી રાંધતી વખતે કડાઈ કે તપેલાં પર ઢાંકેલા છીબામાં પાણી રાખો. આમ કરવાથી શાકભાજી જલદી ચડી જાય છે.

★ કૂકર આઈ.એસ.આઈ.ના નિશાનવાળું પ્રમાણિત કંપનીનું જ હોવું જોઈએ.

★ બનાવેલી રસોઈ વારંવાર ગરમ ન કરો. તેના લીધે ગૅસનો દુર્વ્યય થાય છે અને ખોરાકની પૌષ્ટિકતા પણ ઘટી જાય છે. ગરમ રાખવા માટે થર્મોપેક કેસરોલનો ઉપયોગ કરો.

ઉપરોક્ત ઉપાયો રોજિંદા જીવનમાં અપનાવવાથી આજે અતિશય મોંઘા બનેલા ગૅસની જરૂર બચત કરી શકાશે અને મોંઘવારીમાં પણ થોડીઘણી રાહત જરૂર મેળવી શકાય.

**તંત્રીસ્થાનેથી...**

# શું તમે ખરેખર સુખી થવા ઈચ્છો છો ?

જૈન ધર્મમાં સુખના ચાર પ્રકાર બતાવવામાં આવ્યા છે. તે છે : (૧) કુટુંબમાં સંપ (૨) જીવનમાં શાંતિ (૩) ચિત્તમાં પ્રસન્નતા અને (૪) શરીરે આરોગ્ય. આ ચાર સુખોમાંથી એક સુખનો પણ અભાવ હોય તો તે વ્યક્તિ પોતે સુખી થતી નથી અને પોતાના પરિવારને પણ સુખી કરી શકતી નથી.

જો પોતાના કુટુંબમાં ધન-સંપત્તિ માટે ગળાકાપ સ્પર્ધા ચાલતી હશે તો તે કુટુંબ ગમે તેટલું સુખી હશે તોપણ આવા કુટુંબના સભ્યો તીવ્ર અજંપાથી પીડાતા હશે. જો જીવનમાં કોઈ કારણસર શાંતિ નહિ હોય તો અઢળક સંપત્તિ પણ નિરર્થક જણાશે. અશાંત વ્યક્તિને લક્ષ્મી કદી સુખ આપી શકતી નથી.

જો ચિત્તમાં પ્રસન્નતાનું ઝરણું વહેતું નહિ હોય તો માણસનાં સુખ-એશ-આરામની કોઈ કિંમત નહિ રહે. માનસિક તનાવોથી તેવી વ્યક્તિ હંમેશાં પીડાતી રહેશે. જો શરીરમાં સ્વસ્થતા નહિ હોય, શરીર નિત્ય માંદલું જ રહેતું હશે તો તમારે બધાં જ ખાનપાન, માનપાન અને સન્માન બેકાર બની જવાનાં. 'પહેલું સુખ તે જાતે નર્યા' એ ઉકિત યથાર્થ છે. તન સાજું હશે તો જ બધી સુખસામગ્રી સાર્થક રહેશે.

ટૂંકમાં આ ચારેય સુખ હશે તો જીવન સહજ રીતે, સરળ રીતે ચાલશે, પણ આમાં એકાદ સુખનો અભાવ સમગ્ર જીવનને દુઃખમય, ચિંતામય અને કલેશમય બનાવી દેશે.

પ્રશ્ન એ છે કે સુખ એટલે શું ? જેની પાસે મોટર, બંગલો, ધન, દોલત વગેરે સામગ્રી હોય તે વ્યક્તિ સુખી કહેવાય ? હકીકત સાવ જુદી જ છે. અઢળક ભૌતિક સામગ્રીવાળો માણસ સુખી જ છે તેમ માની લેવાની જરૂર નથી, પરંતુ પ્રેમ, ઉદારતા, સંયમ, સહિષ્ણુતા, કરુણા વગેરે ગુણોથી વાસિત માણસ જ ખરાં અર્થમાં સુખી છે. અપાર સંપત્તિ ધરાવનાર વ્યક્તિ એટલી દુઃખી હોઈ શકે કે તેને ડગલે ને પગલે આપઘાત કરવાના જ વિચારો આવતા હોય. ખરેખર તો સામગ્રી વધે છે તેમ સુખ ઘટે છે ! સુખ તો ગુણી બનવામાં છે. કુટુંબમાં સંપ, જીવનમાં શાંતિ, ચિત્તમાં પ્રસન્નતા અને શરીરે આરોગ્ય એ જ પાયાનાં સુખો છે. કેવળ ધનવાન માણસ આ ચારમાંથી એક પણ સુખને પામી શકતો નથી. આથી જ આવી વ્યક્તિ કુટુંબના કજિયાઓથી સતત દાઝતી હોય છે. એમને શાંતિ હોતી નથી અને ચિત્તપ્રસન્નતા તેમને સ્પર્શી શકતી નથી. દવાઓ ખાઈને જીવનારા આવા લોકોને આરોગ્યનો આનંદ કદાપિ પ્રાપ્ત થતો નથી.

સુજ્ઞ વાચકો, આપણા ધર્મે બતાવેલ જીવનના સાચા સુખની આ છે ચાવી. તેનો આપણે સહજ રીતે, સમજદારીપૂર્વક ઉપયોગ કરીશું, તેને આચરણમાં મૂકીશું તો આપણું જીવન નિર્મળ સરિતાની જેમ આનંદિત રીતે વહેતું રહેશે અને આપણો પરિવાર પણ જીવનમાં સુખ, શાંતિ અને પ્રસન્નતાની ખરી મોજ માણી શકશે એ પણ એટલું નિશ્ચિંત છે. सुज्ञेषु किं बहुना ? ડાહ્યા માણસોને અમારે આથી વિશેષ તો શું કહેવું ? છેલ્લે...

'આટલી કાપી મજલ ને આટલું સમજી શક્યો;
હું જ મારો વિસામો, હું જ મારો થાક છું !'

## સર્વ સાથે મળી 'સુખ'ને સાકાર કરવા... નવા પ્રયાસે... નવી પ્રાર્થના

અંતરથી બોલીએ... આનંદથી બોલીએ... એક અવાજે સર્વ સાથે બોલીએ ................ આપણે 'સુખી' થવું જ છે.
ઉત્સાહ-ઉમંગ અને ઉલ્લાસના ઉમેરા સાથ... ઉમળકાથી બોલીએ ........................ આપણે 'સુખી' થવું જ છે.
કુટુંબમાં કુદરતી કિલ્લોલ-કલરવ કામયાબ કરવા... કાયમ બોલીએ ..................... આપણે 'સુખી' થવું જ છે.
ખુશીનો ખરો ખજાનો ખીલવવા ખાતરી સાથ ખુશીથી બોલીએ ............................ આપણે 'સુખી' થવું જ છે.
ગમતાનો કરી ગુલાલ...ગુંજનના ગુણાકારે ગમતું ગીત ગાઈએ ........................... આપણે 'સુખી' થવું જ છે.
જીવનના દરેક જંગ જીતવા... જોશ-જોમ અને જાગૃતતાથી બોલીએ........................ આપણે 'સુખી' થવું જ છે.
તાલથી બોલીએ... તાકાતથી બોલીએ... તૃપ્તિ સાથ તમામ બોલીએ ...................... આપણે 'સુખી' થવું જ છે.
દિલથી બોલીએ... દિમાગથી બોલીએ... દરરોજ દરેક સાથ બોલીએ ...................... આપણે 'સુખી' થવું જ છે.
નિજ નિર્માતા બની... નવેસર અને નિશ્ચયતા સાથ નક્કી નિર્ણય કરીએ ................ આપણે 'સુખી' થવું જ છે.
પ્રેમથી બોલીએ... પ્રતિદિન બોલીએ... પરિવારમાં પ્રાર્થનાની જેમ બોલીએ ............ આપણે 'સુખી' થવું જ છે.
ભવિષ્યને ભવ્ય બનાવવા... ભક્તિ-ભાવનાએ ભરોસા સાથે ભેગા બોલીએ ............... આપણે 'સુખી' થવું જ છે.
મનુષ્યભવનો મહામૂલ્ય 'મંત્ર' માની... મનથી બોલીએ... મોટેથી બોલીએ ............. આપણે 'સુખી' થવું જ છે.
રસિક અને રંગીન બનાવવા આપણાં રહેઠાણો... રાજી-ખુશીથી રોજ બોલીએ ........... આપણે 'સુખી' થવું જ છે.
આપણા જ 'લાભ'ની લાલચે... લલકાર સાથ લાગલાગટ બોલી એ ....................... આપણે 'સુખી' થવું જ છે.
વહાલભર્યા આવા વિચારોને વિજયી કરવા... વિશ્વાસથી વારંવાર બોલીએ .............. આપણે 'સુખી' થવું જ છે.
સદ્ભાવ, સમભાવ અને સહજતા સાથ... સાથે મળી સાચો સંકલ્પ કરીએ ................. આપણે 'સુખી' થવું જ છે.
હકારાત્મક હોંશ અને હસતા-રમતા હજાર વખત હા કહીએ ............................ આપણે 'સુખી' થવું જ છે.

# વિવિધ સેન્ટર્સ દ્વારા નાટ્યગૃહોમાં યોજાયેલ પારિવારિક કાર્યક્રમો

| જે.જે.સી. | | તારીખ | કાર્યક્રમ | |
|---|---|---|---|---|
| ● ભાવનગર | : | ૦૧-૦૧-૧૧ | વેલકમ-૨૦૧૧ : ‘ગીત સંગીત – D.J.’ | ★ |
| ● બોરીવલી | : | ૨૭-૦૧-૧૧ | કવ્વાલી : ‘સ્પિરિટ ઑફ ધી સૂફીઝ’ | ★ |
| ● બીચ સાઈડ | : | ૧૦-૦૧-૧૧ | થ્રીલર ડ્રામા : ‘ખેલ ખતરનાક’ | ✉ |
| ● ભાંડુપ-વિક્રોલી | : | ૨૯-૦૧-૧૧ | નાટક : ‘અમરેલીથી અમેરિકા’ | ✉ |
| ● દાદર | : | ૨૭-૦૧-૧૧ | નાટક : ‘ઝીરો બની ગયો હીરો’ | ★ |
| ● ડાઉન ટાઉન | : | ૧૬-૦૧-૧૧ | નાટક : ‘ઝીરો બની ગયો હીરો’ | ✉ |
| ● એલીસ બ્રિજ | : | ૦૫-૧૨-૧૦ | મૂવી : ‘ધર્મલાભ’ | ✉ |
| | | ૧૫-૧૨-૧૦ | નાટક : ‘ગાંધી બીફોર ગાંધી’ | ✉ |
| ● ગોલ્ડન ગારોડિયા | : | ૧૬-૦૧-૧૧ | ગઝલ : ‘મનહર ઉધાસ’ | ▲ |
| | | ૧૯-૦૧-૧૧ | નાટક : ‘ઝીરો બની ગયો હીરો’ | ★ |
| ● જેમ્ જગડુશા | : | ૧૨-૦૧-૧૧ | નાટક : ‘ગર્વથી કહો અમે ગુજરાતી છીએ’ | ★ |
| ● જુહુ | : | ૦૭-૦૧-૧૧ | નાટક : ‘ખેલ ખતરનાક’ | ★ |
| | | ? | મૂવી : ‘ચમલા પગલા દીવાના’ | ✉ |
| | | ૧૪-૦૧-૧૧ | નાટક : ‘તમને મળીને આનંદ થયો’ | ✉ |
| ● જૂહુ બીચ | : | ૧૩-૦૧-૧૧ | કવ્વાલી : ‘સ્પિરિટ ઑફ ધી સૂફીઝ’ | — |
| ● કલાનગરી | : | ૨૯-૦૧-૧૧ | પ્રહસન : ‘રૂપિયો બોલે દુનિયા ડોલે’ | ✉ |
| ● કર્ણાવતી | : | ૨૦-૧૨-૧૦ | પ્રહસન : ‘મુંબઈની કમાણી મુંબઈમાં સમાણી’ | ✉ |
| ● લે. વિં. મુંબઈ (સેન્ટ્રલ) | : | ૨૭-૦૧-૧૧ | નાટક : ‘બદલાતા ચહેરા’ | ✉ |
| ● મલાડ | : | ૧૪-૦૧-૧૧ | પ્રહસન : ‘લો ગુજુભાઈ ઘોડે ચડ્યા’ | ★ |
| ● મુંબઈ | : | ૦૬-૦૧-૧૧ | થ્રીલર ડ્રામા : ‘ખેલ ખતરનાક’ | ✉ |
| | | ૦૮-૦૧-૧૧ | લોકગીત -સંગીત : ‘સૌરાષ્ટ્રની રસધાર’ | ★ |
| | | ૧૭-૦૧-૧૧ | નાટક : ‘ઝીરો બની ગયો હીરો’ | ✉ |
| ● નવી મુંબઈ | : | ૨૦-૦૧-૧૧ | નાટક : ‘આંખોની પેલે પાર’ | ✉ |
| | | ૨૮-૦૧-૧૧ | નાટક : ‘તમને મળીને આનંદ થયો’ | ✉ |
| ● નોર્થ ઈસ્ટ | : | ૧૦-૦૧-૧૧ | નાટક : ‘ગર્વથી કહો અમે ગુજરાતી છીએ’ | ★ |
| ● પાટણ | : | ૧૯-૧૨-૧૦ | ગીત-સંગીત : ‘ઑરકેસ્ટ્રા તથા હાસ્ય કલાકાર’ | ✉ |

- સયાજીનગરી : ૧૬-૦૧-૧૧ હાસ્ય દરબાર : 'જિતેન્દ્ર વ્યાસ તથા અવની વ્યાસ' (E TV કલાકાર) ✉
- સાયન-માટુંગા : ૧૮-૦૧-૧૧ મૂવી : 'No One Killed Jesica' ✉
  ૨૨-૦૧-૧૧ નાટક : 'ઝીરો બની ગયો હીરો' ✉
- શિવાજી પાર્ક : ૧૧-૦૧-૧૧ પ્રહસન : 'મા પાવરફૂલ પા વન્ડરફૂલ' ✉
- તારદેવ : ૦૧-૦૧-૧૧ નાટક : 'એક અહમ્‌ની રાણી' ✉
  ૦૨-૦૧-૧૧ નાટક : 'ઝીરો બની ગયો હીરો' ✉
- વિલે પાર્લે : ૨૦-૦૧-૧૧ નાટક : 'તમને મળીને આનંદ થયો' ★

સંજ્ઞા : કાર્યક્રમ – જમણ સાથે ★ જમણ વિના (ડ્રાય) ✉ સ્નેક્સ ▲

# ટૂર–પ્રવાસ–પિકનિક (આગામી)

| જે.જે.સી. | પ્રવાસ સ્થળ | રોકાણ | ચાર્જિસ |
|---|---|---|---|
| ★ નોર્થ ઈસ્ટ<br>રાજાવાડી<br>જેમ્ જગડુશા | માથેરાન (ઉષા એસ્કોટ) | એપ્રિલ ૨૦૧૧<br>બે રાત્રિ ત્રણદિવસીય ૭ સ્લોટ<br>ત્રણ રાત્રિ ચારદિવસીય ૪ સ્લોટ | કોસ્ટ રૂમ પ્રમાણે |
| ★ ડાઉન ટાઉન | ભૂતાન – સિક્કીમ | તા. ૩૦-૪-૨૦૧૧ થી ૧૦-૫-૨૦૧૧ | રૂા. ૪૧,૦૦૦/- P. P. |

## અન્ય સમાચાર

■ **જે.જે.સી. - બોટાદ:** રવિવાર, તા. ૧૯-૧૨-૨૦૧૦ના રોજ કાર્ડિયોગ્રાફિક કૅમ્પનું આયોજન કર્યું. ઉપરાંત જરૂરિયાતમંદ દર્દીઓને ડાયાબેટિક અને ન્યુરોપથી ચેકિંગ કરી આપવામાં આવ્યું. કુલ ૧૩૦ જેટલા દર્દીઓએ લાભ લીધો.

■ **જે.જે.સી. - એલીસ બ્રિજ:** સેન્ટરના સભ્યો તેમ જ બાળકો માટે ફાર્મ પિકનિકનું આયોજન રવિવાર, તા. ૧૯-૧૨-૨૦૧૦ના રોજ કરવામાં આવ્યું. મોજ-મસ્તી-હાસ્ય-વિનોદ તથા ભોજન સાથેની પિકનિકમાં હાઉસી જેવી રમતો રમ્યા, પણ મુખ્ય વાત એ છે કે આવા આનંદ વચ્ચે પણ સેન્ટરના સેક્રેટરી સહિત લગભગ ૪૭ જેટલા સભ્યોએ ત્યાં જ રક્તદાન કરેલ.

ઉપરાંત તા. ૭-૧-૨૦૧૧થી ૯-૧-૨૦૧૧ દરમિયાન સેન્ટર દ્વારા એક ધાર્મિક યાત્રા કાવી-બલસાણા-પલસાણા વગેરે તીર્થોની મુલાકાતનું સુંદર આયોજન કરવામાં આવ્યું.

■ **જે.જે.સી. - કર્ણાવતી:** શ્રી પ્રવીણભાઈ આત્મારામ શાહ, શ્રી રજનીકાંત સંઘવી, શ્રી મનુભાઈ મણિયાર, શ્રી પંકજ બાવીસી તથા ટીમની આગેવાનીમાં આ સેન્ટર માનવસેવાનું ભગીરથ કાર્ય મૂક રીતે, સાહજિકતાથી કરે છે જેમાં મેગા મેડિકલ કૅમ્પનો સમાવેશ થાય છે. તાજેતરમાં જ પોલિયો સર્જરી કૅમ્પનું આયોજન કર્યું જેમાં ૩૨૫ દર્દીઓની નોંધણી થયેલ. ૪૫ દર્દીઓનાં સફળ ઑપરેશન અમદાવાદમાં સામવેદ હૉસ્પિટલમાં ડૉ. આદિ નારાયણ રાવની ટીમે કર્યાં અને બાકીનાં ૭૦ ઑપરેશન વિશાખાપટ્ટનમ ખાતે આવેલી હૉસ્પિટલમાં કરવામાં આવશે. આવા કૉમ્પ્લિકેટેડ ઑપરેશન સિદ્ધહસ્ત ડૉક્ટરોને હાથે વિનામૂલ્યે થવાથી દર્દીઓના કુટુંબીજનોને કેટલી રાહત થઈ હશે! સેન્ટ્રલ બોર્ડ આયોજક સેન્ટરનું અભિવાદન કરે છે.

■ **જે.જે.સી. - પાટણ:** પ્રજાસત્તાક દિન ૨૬મી જાન્યુઆરીએ જેજેસી-પાટણના સૌ સભ્યો સાથે સ્થાપક પ્રમુખ શ્રી હેમેન્દ્રભાઈ, ભૂતપૂર્વ પ્રમુખ શ્રી અતુલભાઈ, શ્રી હર્નીષભાઈ વગેરેએ પાટણ પાંજરાપોળની મુલાકાત લઈ અબોલ પશુઓની સેવાનો લાભ લીધો. સૌ સભ્યોએ ભેગા મળી રૂા. ૨૧૦૦૦/- પાંજરાપોળમાં ઘાસચારાના આપ્યા. ઉપરાંત ૨૧ જેટલાં પશુઓને કતલખાનાથી છોડાવી આનંદ અનુભવ્યો. ઉપરાંત એક ગેટ-ટુ-ગેધરનો કાર્યક્રમ શુક્રવાર ૧૪-૧-૨૦૧૦ના રોજ રાખી બધાએ અરસપરસ પરિચય તાજો કરેલ.

■ **જે.જે.સી. - શિવાજી પાર્ક:** સેન્ટરના ઉપક્રમે એક મેડિકલ કૅમ્પના આયોજન અન્વયે કાર્ડિયેક ચેકઅપ સભ્યોના લાભાર્થે કરવામાં આવ્યું બુધવાર, તા. ૨૬-૧-૨૦૧૧ના રોજ. સાથેસાથે S. Lipid Profile અને FBS પણ કરવામાં આવ્યું.

## ચાર્ટર દિન — HAPPY BIRTHDAY

વર્ષના જે દિવસે જે સેન્ટરને ચાર્ટર એનાયત કરવામાં આવ્યું હોય તે સેન્ટરના જન્મદિન (બર્થ-ડે) કે ચાર્ટર દિન તરીકે ઓળખાય છે. દરેક સેન્ટર તેના સંપૂર્ણ સભ્યો સાથે તે દિવસની હોંશભેર ખૂબ જ ઉત્સાહથી કાંઈક વિશિષ્ટ રીતે ઉજવણી કરે છે. આજુબાજુનાં સેન્ટરના તથા સેન્ટ્રલ બોર્ડ અને ચૅરિટેબલ ટ્રસ્ટના પદાધિકારીઓને ઉજવણીમાં ભાગ લેવા આમંત્રે છે. શિષ્ટાચાર ગણીને બધા જ આમંત્રિતો ત્યાં પહોંચી જઈ સહભાગી થાય છે.

■ **જે.જે.સી. - બોટાદ:** વિકાસની હરણફાળ ભરી વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કરનાર સેન્ટરનો જન્મદિન ૧૭૫ જેટલા સભ્યોની હાજરીમાં ડીનર સાથે રવિવાર, તા. ૨૬-૧૨-૨૦૧૦ના રોજ ધામધૂમથી ઊજવ્યો.

■ **જે.જે.સી. - બોરીવલી:** ‘સૂફી’ વિશે અગાઉના અંકમાં વિસ્તારથી લખેલ તેવા જ એક વિશિષ્ટ કાર્યક્રમમાં સેન્ટરે તેમનો બર્થડે ડ્રેસ કોડથી શોભતા સર્વે સભ્યોની હાજરીમાં બૉલીવૂડ કવ્વાલીના કાર્યક્રમ ‘‘Spirit of the Suffis’’થી ઊજવ્યો. સર્વરુચિ ડીનર સાથેના ઈવેન્ટમાં ઉમંગ વ્યાપી ગયો.

■ **જે.જે.સી. - જુહુ બીચ:** સ્વર્ણિમ કિરણો સાથે સેન્ટરના નવા વર્ષ એટલે ૨૦મા વર્ષનો ઉદય થયો. Cake Cutting અને ઈટિંગ-બીટિંગ કરતાંકરતાં સેન્ટરના ૧૨૦૦ સભ્યોએ વિવિધ સેન્ટરોમાંથી પધારેલા મહેમાનો સાથે Birthdayને Happy બનાવી દીધો. કુરતા-પાયજામામાં સજ્જ ભાઈઓ તથા સલવાર-કમીઝમાં શોભતી બહેનોએ બ્લોક બસ્ટર ઈવેન્ટ બૉલીવૂડ કવ્વાલી ‘‘Spirit of the Suffis’’રૂપે માણી.

■ **જે.જે.સી. - કાંદિવલી:** ૨૨મા બર્થડે-ચાર્ટર ડેમાં જેજેસી-કાંદિવલીના ૧૧૦૦ સભ્યો મહેમાનો સાથે ઉજવણીમાં સામેલ થયા. સોમવાર, તા. ૨૪-૧-૨૦૧૧ના રોજ ભાઈદાસ સભાગૃહમાં કેક કાપીને પ્રસંગ ઊજવ્યો સૌ સંગ અને શાનદાર મ્યુઝિક-ગીત-સંગીતનો કાર્યક્રમ માણ્યો. અભિનંદન.

■ **જે.જે.સી. - સી સાઈડ:** ત્રણ વર્ષ પૂરાં કરી ચતુર્થ વર્ષમાં મંગળવાર, તા. ૧૧-૧-૨૦૧૧ના દિવસે પ્રવેશ કરતું આ સેન્ટર જેજેસી પરિવારના જુહુ બીચના પેટાપરિવારનું જ સભ્ય હોઈ મનોરંજન તેમ જ અન્ય કાર્યક્રમોના આયોજનમાં જેજેસી-જુહુ બીચ સાઈડ જેટલી જ ગરિમા ધરાવે છે. શ્રેણીબદ્ધ અનોખા (Distinctive) કાર્યક્રમો તે તેના ઉપપરિવારના અન્ય સેન્ટરના સહયોગમાં કરી ધૂમ મચાવે છે. આવા સેન્ટરનો બર્થડે-ચાર્ટર ડે તારીખની સવલતના કારણે બુધવાર, તા. ૧૨-૧-૨૦૧૧ના દિવસે ઊજવ્યો. બૉલીવૂડની બહુ જ લોકપ્રિય થયેલી કવ્વાલીનો કાર્યક્રમ સિદ્ધહસ્ત નામી કલાકારો દ્વારા ‘‘Spirit of the Suffis’’ના નામે માણ્યો. બર્થડે કેક કટિંગ, પછી ટેસ્ટિંગ, બીટિંગ-ઈટિંગ અને ડાયજેસ્ટિંગ કરતાં કરતાં, કવ્વાલીને અનુરૂપ કુરતા-પાયજામા-શેરવાનીમાં શોભતા ભાઈઓ અને સલવાર-કુરતામાં સજ્જ બહેનો સાડા ત્રણ કલાક ખુરશીમાં જકડાઈ ગયાં. 'Happy Birthday to JJC-Sea Side'.

■ **જે.જે.સી. - નોર્થ ઈસ્ટ:** Mile Stone વર્ષ અગત્યનું ગણાય છે. જેજસી-નોર્થ ઈસ્ટ ૯ વર્ષ પૂરાં કરી ૧૦મા વર્ષમાં ગુરુવાર, ૨૦-૧-૨૦૧૧ના રોજ પ્રવેશ્યું ત્યારે તેની ધામધૂમભરી ઉજવણી સપરમા દિવસ બુધવાર, ૨૬મી જાન્યુઆરીએ કરવામાં આવી.

ભૂગોળશાસ્ત્રમાં નોર્થ ઈસ્ટ (ઉત્તર-પૂર્વ) ઈશાન દિશા ખૂબ જ સગુણી અને શુકનવંતી લેખાય છે. એટલે તો અવિચલ ધ્રુવના તારાએ ત્યાં પરમેનન્ટ સ્થાન જમાવ્યું છે. સૂરજ ભલે ઉત્તરાયણથી દક્ષિણાયન કરે, પણ ધ્રુવ તો ત્યાં જ અડિંગો જમાવીને બેસી ગયો છે.

તેથી જ તો જ્યારે વૈજ્ઞાનિક ઉપકરણો ન હતાં ત્યારે હજારો વર્ષો સુધી એ દિશામાં ગોઠવાઈ જઈને ધ્રુવના તારાએ જંગલમાં અટવાયેલા મુસાફરો કે દરિયામાં ફસાયેલા નાવિકોને સાચી દિશા બતાવી છે. આવું નામકરણ પામેલા સેન્ટરે દશ વર્ષમાં ભારે કાઠું કાઢ્યું છે. સ્વાભાવિક રીતે તેના જન્મદિનની ઉજવણી પણ ભારે જ હોય!

બધા જ કાંઈ લાસ વેગાસની વિઝિટ કરી શકતા નથી. લાસ વેગાસ એક મોહનીય વર્લ્ડ સિટી છે. ઉજવણીના ભાગરૂપે લાસ વેગાસની પ્રતિકૃતિ રચવામાં આવી. તેને નામ આપ્યું Fun City. ત્યાં નિર્દોષ Fun Casino ઊભા કરવામાં આવ્યા. Tarro Card, Palmist, Mendi, Tatoo વગેરે ઉપરાંત સભ્યોના માટે on the spot sketch photo ઉપલબ્ધ હતા. મનોરંજન કાર્યક્રમમાં આશ્ચર્યજનક Fire Dance અને Limboo Dance અને પેટરંજન કાર્યક્રમમાં અલબેલું ભોજન!

Stage Function વેળાએ સેન્ટરના સહયોગમાં રચાયેલ ઐતિહાસિક નાટક ‘ગાંધી બીફોર ગાંધી’ના નિર્માતા



શ્રી ચંદ્રેશ શાહ તથા સચીન શાહનું મોમેન્ટો આપી વિશેષ બહુમાન કરવામાં આવ્યું જેના પ્રતીકરૂપે રૂા. ૫.૫૦ લાખનું અનુદાન, નિર્માતા તરફથી જેજેસીના Education Fundમાં આપવાનું જાહેર કરવામાં આવ્યું.

■ **જે.જે.સી. - અમૃતનગર:** હજારો વર્ષ પહેલાં દરિયામાં એક વલોણું થયું તેમાંથી એક કુંભ નીકળ્યો જેનું નામ રાખ્યું અમૃત કુંભ. ૧૫ વર્ષ પહેલાં જેજેસીમાં વલોણું થયું તેમાંથી એક સેન્ટરનો ઊગમ થયો તેનું નામ રાખ્યું જૈન જાગૃતિ સેન્ટર-અમૃત નગર. અમૃત જેવો આસ્વાદ ધરાવતું સેન્ટર. તેનો ચાર્ટર દિન ૧૮મી જાન્યુઆરી. શિસ્તબદ્ધ સભ્યોને તે દિવસે મળ્યો રાજકોટી અડદિયાનો સ્વાદ અને ચીકીના લહેજતભર્યા બૉક્સ અને એક મસ્ત મજાનો ગાલીચો. સેન્ટ્રલ બોર્ડથી પધારેલા મહાનુભાવોની હાજરી, કેક કટિંગ, ૬૫૦ સભ્યોની શિસ્તભરી શાંતિ આ હતા આ પ્રસંગના અંશો, પણ મહદ અંશ હતો સેન્ટરની કારોબારી કમિટી તરફથી આ પ્રસંગે સેન્ટ્રલ બોર્ડના હાયર એજ્યુકેશન અભિયાનને મળેલ રૂા. ૧૧૧૧૧૧ના અનુદાનથી શુભારંભ. શુભ્રમ શરૂઆત!

## અભિનંદન

■ **ભાવનગર:** ધ્રુવિન મહેતા (શ્રી રાજન મહેતા-કમિટી મેમ્બરના પુત્ર) ઉં. વર્ષ ૯, બાંગલાદેશ ખાતે યોજાયેલ ઈન્ટરનેશન ડ્રોઈંગ કૉમ્પિટિશનમાં ત્રીજા નંબરે વિજેતા થયેલ છે. અભિનંદન.

કિરણ શાહે (શ્રી ચંદ્રેશ શાહ-ઉપપ્રમુખના પુત્ર) ધોરણ ૯મા લેવલની અલોહા મેન્ટલ એરિથમેટિકમાં ભારતભરનો ફર્સ્ટ રનરઅપ એવૉર્ડ મેળવેલ છે. અભિનંદન.

■ **કાંદિવલી:** ઉપપ્રમુખ શ્રી મુકેશ શાહ ગોરેગામ સ્પોર્ટ્સ ક્લબની કારોબારીમાં ચૂંટાઈ આવ્યા.

શ્રી અશોક સંઘવી, નરેન્દ્ર સંઘવી તથા મહેશ દોશી ઝાલાવાડી સભાની કારોબારીમાં ચૂંટાઈ આવ્યા. ચારેય સભ્યોને અભિનંદન.

## યાત્રા પ્રવાસ-સંપન્ન

■ **જે.જે.સી. - કોલકાતા:** દરેક વર્ષની જેમ 'વડીલવંદના તીર્થયાત્રા'નું આયોજન સંતોષપ્રદ રહ્યું. રવિવાર, તા. ૨૩-૧-૨૦૧૧ના રોજ કોલકાતાથી હાવડા-જોધપુર દ્વારા પ્રારંભ કરી જોધપુર-નાકોડાજી, માંડવલાજી, પાવાપુરી, શિરોડી, ભેરૂતારક, રેવદર, વરમાણ, જીરાવાલા પાર્શ્વનાથ, દાંતરાઈ, દંતાણી, મુગછલા, માઉન્ટ આબુ, દેલવાડા, અચલગઢ, સરૂપગંજ, અજારી, કોઝસ, નાંદિયા, બાગનવાડા, હન્ચુલી (રાતા મહાવીર), બાલી, ફાવના, સાદડી, કીર્તિ સ્તંભ, મુછાળા મહાવીર, રાણકપુર, નાંડલાઈ, નાંડોલ, રાણી-પાલીથી જોધપુર દર્શન-પૂજા કરી સોમવાર, ૩૧-૧-૨૦૧૧ના રોજ પરત થયા. સર્વે કમિટી કાર્યકર્તાઓને અભિનંદન.

■ **જે.જે.સી. - જુહુ** : શુક્રવાર, તા. ૧૧-૨-૨૦૧૧થી બુધવાર, તા. ૧૬-૨-૨૦૧૧ દરમિયાન સભ્યો દુબઈની ઝાકઝમાળ જીવનની મોજ માણી આવ્યા.

■ **જે.જે.સી. - લે. વિ. સેન્ટ્રલ મુંબઈ:** બુધવાર, તા. ૫-૧-૨૦૧૧ના રોજ સેન્ટરની બહેનો માટે ગેટવે ઑફ ઈન્ડિયાથી એક બોટ પાર્ટીનું આનંદમય આયોજન કર્યું.

■ **જે.જે.સી. - વિલે પાર્લે:** ૯મી જાન્યુઆરી, ૨૦૧૧ ને રવિવારના દિવસે ચંદ્રકાંત દોશી (ચંદુભાઈ), રોહિત કેન્યા, લલિત દેસાઈ અને દિનેશ ધોળકિયા ઊપડ્યા સાગમટે કુટુંબ-કબીલો (જેજેસી-વિલે પાર્લેનો) લઈ રોયલ ગાર્ડન રિસોર્ટ ખાતે બહુ મજા કરાવી - જલસો જલસો કરાવી દીધો સૌ સભ્યોને! આમેય ચંદુભાઈ બોલે એટલે તાળીઓના ગડગડાટ પછી સાથે હોય તો! વળી પાછા ૧૧મી જાન્યુઆરીએ હાલી નીકળ્યા મહાબળેશ્વર સાજ રિસોર્ટમાં વોલ્વો બસમાં મેઘધનુષી સપ્તરંગી પળો માણવા.

■ **જે.જે.સી. - તારદેવ:** શિયાળાનો ભરપૂર લાભ જેજેસી ઉઠાવે છે. જેજેસી-તારદેવે મુંબઈ નજીક આવેલ 'રાજ રજવાડી'ની પિકનિક કરી. વેરાઈટી કાર્યક્રમમાં રજવાડી ભોજન-વાનગીઓ ઉપરાંત સુંદર ગેમોથી સભ્યો બહુ આનંદિત થયા. રિટર્ન ટ્રીપમાં સેવન વન્ડર-વર્ધમાન ફેન્ટાસી થીમ પાર્ક-મીરા રોડની મુલાકાત લીધી (આ થીમ પાર્ક ખરેખર જોવા જેવો બનાવ્યો છે.

## જાજરમાન યુવામેળાનાં આયોજનો

જૈન જાગૃતિ સેન્ટર દ્વારા લગ્નોચ્છુક યુવક-યુવતી પરિચય મેળાના આયોજનમાં હવે વધારે ને વધારે સેન્ટરો રસ લેતાં થઈ ગયાં છે. આવા યુવામેળાની સ્વયંભૂ માગણી સમાજમાંથી આવી રહી છે. આવા આયોજનમાં સૌથી મોખરે રહેલા જેજેસી-કલાનગરી-વડોદરા બાદ હવે જેજેસી-એલીસબ્રિજ, જેજેસી-સૂર્યનગરી સુરત, જેજેસી-અંકલેશ્વર, જેજેસી-કાંદિવલી, જેજેસી-બોરીવલી, જેજેસી-નોર્થ ઈસ્ટ, જેજેસી-રાજાવાડી, જેજેસી-વાપી, જેજેસી-તારદેવ, જેજેસી-ધ્રાંગધ્રા પણ આયોજન કરી રહ્યાં છે. સમાજલક્ષી આવા કાર્યક્રમને સફળ બનાવવા Long Planningની જરૂર પડે છે. ઉપરાંત સંપૂર્ણ કમિટીનો તન-મન-ધન અને ઉત્સાહથી સહયોગ જરૂરી છે. સમાજમાંથી પણ આવા પ્રયોગને માન્યતા મળતા સહયોગી દાતાઓ પણ આગળ આવી રહ્યા છે. આવા મેળા વ્યવસ્થાસભર, ભવ્ય તો હોય જ, પણ પરિણામલક્ષી સાબિત થઈ રહ્યા છે. સગપણની સમસ્યાથી પીડિત વડીલોના ખૂબ જ આશીર્વાદ પ્રાપ્ત થાય છે.

સામાજિક અસમતુલાના પ્રભાવે આ કાર્ય ઘણું જ કઠિન થઈ ગયું છે. યુવક-યુવતીઓ દિશાવિહીન હોઈ તેમને શું જોઈએ છે તે નક્કી કરી શકતા નથી, પરિણામે બે-ચાર મિટિંગમાં આ કાર્ય બનતું નથી. મોંઘવારીને લઈને એકાદ મિટિંગ સમયે રૂા. ૧૦૦૦-૧૫૦૦નું આંધણ થઈ જાય છે અને છતાં સફળતા અનિશ્ચિત હોય છે. જ્યારે યુવામેળામાં એકબીજાને મળવાના પ્લૅટફૉર્મ અને વિશાળ પસંદગીની તક મળે છે. તેથી આવા યુવામેળા પરિણામલક્ષી બની ગયા છે.

આવા યુવામેળાના પ્રેરક સ્ત્રોત જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ છે. એક સુંદર સામાજિક કાર્ય કરવાનો આપણને સંતોષ છે. યુવામેળા બાદ હકારાત્મક પરિણામ આવે તેની માહિતી સેન્ટરને મળે તેવી Feed back systemમાં હજી ઊણપ છે. જો માહિતી આવે તો કાર્યકારી સેન્ટરના સભ્યોના ઉત્સાહમાં પ્રવેગ આવે તેથી વડીલોએ ખાસ ધ્યાન આપવાની જરૂર છે કે સગપણ થઈ ગયા બાદ આયોજક સેન્ટરને તરુત જ જણાવે.

## યુવક-યુવતી પરિચય મેળો

■ **જે.જે.સી. - એલીસબ્રિજ** : જૈન શ્રાવિકા સેવા સંસ્થાનના સહયોગમાં રવિવાર, તા. ૧૬-૧-૨૦૧૧ના રોજ જૈન યુવા પરિચય પસંદગી મેળાનું ખૂબ જ સુંદર અને સગવડભર્યું આયોજન કરી જેજેસી-એલીસ બ્રિજ પણ અન્ય સેન્ટર સાથે યુવામેળાના પ્રોજેક્ટમાં સામેલ થઈ ગયું. આ



મેળામાં ૨૮૦ જેટલાં યુવક-યુવતીઓએ ભાગ લીધેલ. સ્ટેજ પર દરેક યુવક-યુવતીને બોલાવી તેમની પસંદગીની રજૂઆત કરવાની તક આપવામાં આવી. શ્રી વિજય મહેતા જણાવે છે કે ડૉક્ટર, એમ.બી.એ., એન્જિનિયર્સ, સી.એ. તથા અન્ય હાયર ક્વોલિફિકેશન ધરાવતા સુખી ઘરના યુવકોએ હોંશભેર ભાગ લીધેલ. સમાજ પાસે સગપણનો પ્રોબ્લેમ ઉકેલવા માટે બીજો કોઈ પર્યાય નથી જે સૂચક છે.

■ **જે.જે.સી. - કલાનગરી વડોદરા**: ૧૧ જેટલા સફળ યુવામેળાના આયોજન બાદ તા. ૯-૧-૨૦૧૧ના રવિવારના રોજ ૧૨મા યુવામેળાનું સર્વાંગ સુંદર, વ્યવસ્થાસભર, ભવ્ય મેળાનું સુપેરે આયોજન કર્યું. આશરે ૬૧૦ યુવક-યુવતીઓએ કોઈ પણ જાતના સંકોચ વિના મુક્તપણે ભાગ લીધો. હાયર એજ્યુકેશન લીધેલા ડૉક્ટર, એન્જિનિયર, સી.એ. એમ.બી.એ. વગેરે યુવક-યુવતીઓએ પણ આ યુવામેળાનો લાભ લીધો. મુંબઈથી શ્રી જિતુભાઈ કોઠારી, શ્રી કિશોરભાઈ શાહ, શ્રી રમેશ મોરબિયા, શ્રી પ્રફુલ્લ શાહ (વા.ચૅ.), શ્રી દિનેશ શાહ ઉપરાંત સ્થાનિક દાતા, મહાનુભાવો ઉપસ્થિત રહ્યા અને આપણા આયોજને અનુમોદના આપી. શ્રી દિનેશ નાણાવટી તેમ જ તેમની કાર્યક્ષમ ટીમને ખૂબ જ અભિનંદન.



■ **જે.જે.સી. - કાંદિવલીઃ** શ્રી કિરીટભાઈ ભાઈલાલભાઈ શાહ પરિવાર પ્રેરિત અને જેજેસી-કાંદિવલી સંચાલિત 'જૈન સગપણ માહિતી સેન્ટર' દ્વારા આયોજિત જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ દ્વારા અનુમોદિત માહિતી સેન્ટરમાં રજિસ્ટર થયેલાં અપરિણીત યુવક-યુવતીનું દ્વિતીય પરિચય સંમેલન બુધવાર, તા. ૨૬-૧-૨૦૧૧ના સપરમા દિવસે આનંદમય વાતાવરણમાં કાંદિવલી મુકામે સંપન્ન થયું.

આ આયોજનનો ૧૬૮ યુવક અને ૧૪૦ યુવતીઓએ લાભ લીધો. સ્ટેજ પર દરેક ઉમેદવારને બોલાવી તેમનો પરિચય આપવાનું કાર્ય કાર્યક્રમનું સંચાલન કરનાર પ્રમુખ શ્રી સંજય શાહ તથા શ્રીમતી રેખા શાહે વિશિષ્ટ રીતે કરી કુદરતી રીતે ભારેખમ માહોલમાં Hammer ઉમેરીને હળવો બનાવ્યો જેથી દરેક ઉમેદવારોએ પ્રસંગની ગંભીરતા જાળવી રાખી હળવાશથી ભાગ લીધો. ઘણીબધી અરસપરસ પરિચય મિટિંગ થઈ. ઉમેદવારોની સાથે આવેલા વડીલોએ પણ સાહજિકતાનો અનુભવ કર્યો.

દીપપ્રાગટ્ય પ્રેરણા આપનાર શ્રીમતી મંજુલાબહેનના હસ્તે થયા બાદ શ્રી કિશોર શાહે ઉમેદવારોને શીખ આપતાં જણાવ્યું કે વાસ્તવિક પરિસ્થિતિને સ્વીકારી, શાણપણ દાખવી જીવનસાથીની એવી રીતે પસંદગી કરજો કે તમારું સુખી દામ્પત્યજીવન જોઈ તમારા વડીલો આજીવન સુખ-શાંતિ-સંતોષમાં રહે.

શ્રી જિતુભાઈએ જણાવ્યું કે આવાં કાર્યો જેજેસીને ગૌરવ પ્રદાન કરે છે અને સમાજમાં નામ રોશન થાય છે. તેમણે કાંદિવલીની સંપૂર્ણ કારોબારીને અભિનંદન આપ્યાં.

શ્રી સંજય શાહે પ્રત્યુત્તરમાં જણાવ્યું કે અમારું સેન્ટર આવા ઉમદા કાર્ય માટે ઝાકઝમાળ, ભવ્યતા કરતાં પરિણામલક્ષી આયોજન પસંદ કરે છે. અમારા આ સગપણ માહિતી સેન્ટરને તો હજી બે વર્ષ પૂરાં થયાં ત્યાં સુધીમાં લગભગ ૧૬૮૫થી વધુ યુવક-યુવતીનાં નામ રજિસ્ટર થયેલાં છે અને તેમાંથી ૨૬૫થી વધુ યુવક-યુવતીનાં વેવિશાળ-લગ્ન પણ થઈ ચૂક્યાં છે.

અન્ય પદાધિકારીઓમાં સર્વશ્રી રમેશ મોરબિયા, કિશોર શેઠ, કિરણ શાહ, અનિલ દોશી, ચંદ્રવદન શાહ ઉપસ્થિત રહ્યા. જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ દ્વારા આ કાર્યક્રમ યોજવા બદલ સેન્ટરને રૂા. ૫૧૦૦૦/-નું અનુદાન આપેલ તેમાં રૂા. ૧૨૦૦૦/- ઉમેરી રૂા. ૬૩૦૦૦/- કાંદિવલી સેન્ટરે એજ્યુકેશન ફંડમાં સાદર કર્યા. સેન્ટ્રલ બોર્ડ કાંદિવલી સેન્ટરને અભિનંદન પાઠવે છે.

## BIO DATA



| | |
|---|---|
| **Name** | : **HITESH M. SHAH** |
| **Address** | : 55, Sutar Chawl, Zaveri Bazzar, 4th Floor, Mumbai-400 002. |
| **Birth Date** | : 31-8-1978 |
| **Place** | : Mumbai (Time : 1.55 a.m.) |
| **Weight** | : 56 kg * **Height :** 5'-3.5" |
| **Body** | : Medium |
| **Cast** | : Dasha Oswal Shwetamber Jain |
| **Qualification** | : B.Com. |
| **Occupation** | : Business |
| **Nature of Business** | : Supplier of Imported Lamps and Tubes (Ultaviolet Tubes Etc.) |
| **Brother** | : One (Married) |
| **Sister** | : One (Married) |
| **Father** | : Mahendrakumar M. Shah |
| **Occupation** | : Service C/o : M/s. Shah Girdharlal Jeevanlal & Co. - Mirza Street, Mumbai-2. |
| **Mother** | : Premlata M. Shah (House Wife) |
| **Native** | : Patan (Panchasara, Choudhrini Sheri) |
| **Hobbies** | : Outing, Music, Games Etc. |
| **Phone** | : (R) 022-23415403 / 9320337317 / 9920992622 |

(જા x ખ)

# શ્રી ઝાલાવાડ સ્થાનકવાસી જૈન સભા-મુંબઈ

**—: આયોજિત :—**

## લગ્નોત્સુકો માટેનો જીવનસાથી મિલન સમારોહ

સમાજનો અતિકોમળ અને નાજુક પ્રશ્ન એટલે 'લગ્ન'. આજના આધુનિક યુગમાં 'ભણતર એ જ જીવનનું સાચું ચણતર'ના વાક્યને જીવનમંત્ર બનાવી ચૂકેલાં લગ્નોત્સુક યુવક-યુવતીઓ માટે યોગ્ય જીવનસાથી શોધવો મા-બાપ/વડીલોની જટિલ સમસ્યા બની ચૂકી છે, ત્યારે તેમની વહારે આવવું એ આપણી પવિત્ર ફરજ બને છે. માટે એક જાજરમાન પરિચય મિલન સમારોહનું આયોજન નીચે જણાવ્યા મુજબ નિર્ધારેલ છે, જેમાં યુવક-યુવતીઓને બહોળી પસંદગીનો અવકાશ મળી રહે તે આશયથી સમગ્ર જૈન સમાજના દેશ-વિદેશમાં વસતાં શિક્ષિત-અલ્પશિક્ષિત, કુંવારા-કુંવારી યુવક-યુવતીઓનો સમાવેશ કરવામાં આવશે.

**સ્થળ : શ્રીમતી ઝવેરબહેન પોપટલાલ સભાગૃહ, ઉપાશ્રય લેન, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ-૭૭.**
**તારીખ : ૧૩ માર્ચ ૨૦૧૧, રવિવારે સવારે ૮.૦૦ કલાકેથી**

**પરિચય મિલન સમારોહના**

- **પ્રેરિત દાતા : શ્રીમતી કોકિલાબહેન ગુણવંતરાય શાહ**
- **ભોજન દાતા : શ્રી નરેશભાઈ કાંતિલાલ શાહ**
- **સજાવટના દાતા : શ્રીમતી મનીષાબહેન મીનેષભાઈ શાહ**

**શ્રી સુનીલભાઈ પી. શાહ** — કન્વીનર (૯૮૨૦૨૭૮૮૮૩)

**શ્રી અરવિંદભાઈ વી. જોબાળિયા** — સહકન્વીનર (૯૩૨૪૩૨૦૧૦૬)

પરિચય મિલન સમારોહમાં સામેલ થવા માટેનું અરજીપત્રક મેળવવા તેમ જ વધુ વિગત જાણવા નીચે જણાવેલ સ્થળે તા. ૧૫-૧-૨૦૧૧ થી તા. ૨૮-૨-૨૦૧૧ દરમિયાન સંપર્ક સાધવો.

**મુંબઈ** : શ્રી ઝાલાવાડ સ્થાનકવાસી જૈન સભા, ૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ, કોલભાટ લેન, ૧લે માળે, મુંબઈ-૪૦૦ ૦૦૨. ફોન : ૨૨૦૧૨૮૭૦ / ૨૨૦૦૦૦૯૭

**પાર્લા** : સેન્ટ્રેક્સ ઑપ્ટિશિયન, ૨૮-એ, શામકમલ અગરવાલ માર્કેટ, તેજપાલ રોડ, રેલવેસ્ટેશનની સામે, વિલે પાર્લે (પૂર્વ), મુંબઈ – ૪૦૦ ૦૫૭. ફોન : ૨૬૧૩૧૪૮૩

**ઘાટકોપર** : ઑપ્ટિકલ પૅલેસ, ૨-૩, નીલકંઠ શૉપિંગ સેન્ટર, કામા લેન કૉર્નર, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૬. ફોનઃ ૨૫૧૨૯૫૧૬

**ડોંબિવલી** : ન્યૂ ઑપ્ટિક, માનપાડા રોડ, કસ્તુરી પ્લાઝાની સામે, ડોંબિવલી (ઈસ્ટ) ફોનઃ ૯૫૨૫૧-૨૪૪૮૯૮૦

**કાંદિવલી** : બોન ઑપ્ટિક્સ, શૉપ નં. ૪, કાંદિવલી શૉપિંગ સેન્ટર, બજાજ ક્રોસ રોડ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૭. ફોનઃ ૨૮૬૫૯૩૩૬

# પંથ કે સંપ્રદાય શરીર છે અને ધર્મ આત્મા છે

■ ગુણવંત બરવાળિયા

એક એવું સ્થળ હોય જ્યાં એક ઝાડ હોય, એક પાંદડું હોય, એક ફળ હોય, તે ઝાડ પર એક ફૂલ હોય, તેની એક ડાળ પર એક પંખી બેઠું હોય તો તેને બગીચો ન કહેવાય, કારણકે તેમાં ઉપવનની સમૃદ્ધિ નથી.

જે ઉદ્યાનમાં હજારો છોડ, વૃક્ષ, વેલીઓ હોય, હજારો ફળ-ફૂલ હોય તે બગીચાની શોભા રંગબેરંગી પતંગિયાં વધારશે. મધુકર ગુંજારવ કરશે. હજારો પક્ષીઓને દૂર દૂરથી ત્યાં આવવાનું આકર્ષણ થશે અને સર્વ પક્ષીઓને ત્યાં જ MIGRATE થવાનું મન થશે.

બગીચામાં વૃક્ષો ભિન્ન હોય, પણ વૃક્ષત્વ એક જ હોય, પક્ષીઓના અલગ અલગ અવાજો હોય, પણ માધુર્ય એક જ હોય, ફૂલોની સુગંધ વિવિધ હોય, પણ સૌંદર્ય એક જ હોય તે ઉપવનની સાચી સમૃદ્ધિ છે.

એમ ધર્મો ઘણા હોય, તે ધર્મોના પંથ, સંપ્રદાયો, ફિરકા કે ગચ્છ અનેક હોય, પરંતુ ધર્મતત્ત્વ એક જ હોય એવું સ્વીકારીએ તો ભિન્નતામાંય એકત્વ હશે અને તે એકત્વ જ ધર્મપરંપરાઓનું રક્ષણ અને સંવર્ધન કરશે.

પંથ, મત, ગચ્છ કે સંપ્રદાય વ્યવસ્થા માટે છે. સંપ્રદાય શરીર છે, ધર્મ આત્મા છે એમ સ્વીકારી પંથ, ફિરકા કે સંપ્રદાયમાં રહી ધર્મ કરવો તે માનવજાતનો આદર્શ છે.

અલગ અલગ કાળમાં, તે દેશકાળની સાંપ્રત સ્થિતિને લક્ષમાં રાખી, અલગ અલગ ધર્મપ્રવર્તકો, ઋષિમુનિઓ, સંતો, આચાર્યો અને સત્પુરુષોએ શાસ્ત્રો, પ્રાંત કે ભાષાને કારણે આચાર કે વિચારની ભિન્નતાને કારણે વિવિધ ધર્મપંથોની પ્રેરણા કરી તેથી અનેક પંથ અને સંપ્રદાયો અસ્તિત્વમાં આવ્યા, પરંતુ તે સઘળામાં જે સનાતન અને પૂર્ણતઃ સત્ય છે તે ધર્મતત્ત્વ જ છે. સત્યને કદી શાસ્ત્રોનું ઓશિયાળું બનાવી શકાય નહિ.

પ્રશ્ન ઉદ્‌ભવે કે વિવિધ ધર્મોના અનેક પંથ, સંપ્રદાય, ગચ્છ કે પક્ષ કે મત અહંકારનું પ્રતીક કે વિકાસનું? દેશકાળ પ્રમાણે જે-તે ધર્મ, પંથ કે સંપ્રદાયની પરંપરા વિધિનિધાનમાં જે કાંઈ પોતા કરતાં વધુ સારું છે તેનું બીજો સંપ્રદાય વિવેકપૂર્વક અનુસરણ કે સ્વીકાર કરશે તો તેનો વિકાસ જ થવાનો છે.

આશ્રમો, પવિત્ર તીર્થસ્થાનો, મંદિરો કે મંદિરોનો વહીવટ કરતી પેઢીઓ, ધાર્મિક સંસ્થાઓ અને તેના ટ્રસ્ટીઓ, મહંતો, સંતો, આચાર્યો, મઠ અને તેના અધિપતિઓની પરમત સહિષ્ણુતા અને પારમાર્થિક દૃષ્ટિ સંતોનું ઉત્કૃષ્ટ ચારિત્ર્ય અને ટ્રસ્ટીઓના હિસાબની પારદર્શકતા કોઈ પણ વિવાદને ટાળી શકે. અન્ય ધર્મી કે અન્ય પંથી માટે સહોદરભાવ પ્રગટ કરે તો પંથો કે સંપ્રદાયો વિકાસનું પ્રતીક બની શકે.

મુનિ વાત્સલ્યદીપ ધર્મને આકાશી જળ કહે છે. આકાશનું પાણી પૃથ્વીને સ્પર્શ નથી કરતું ત્યાં સુધી તેના સ્વાદ અને ગુણ એકસરખા હોય છે. પૃથ્વી પર પડ્યા પછી તેના ગુણધર્મો બદલાઈ જાય. સમુદ્રમાં પડે તો ખારું, પૃથ્વી પર અમુક સ્થળે પડે તો પચવામાં ભારે અને અમુક સ્થળ પડે તો પચવામાં હલકું.

પૃથ્વીના પાણીમાં ભેદ છે, પણ આકાશના પાણીમાં અભેદતા છે. ધર્મ એ આકાશમાંથી વરસતું પાણી છે, તેમાં ક્યાંય ભેદ નથી. આધ્યાત્મિક આનંદરૂપે ધર્મનું દર્શન એક જ છે, પણ પંથનો સ્પર્શ થયા પછી તેમાં 'તારા' 'મારા'ની વિકૃતિ ન પ્રવેશે તેની સાવચેતી રાખવી પડે.

ધર્મને સંકુચિત દીવાલોમાં પૂરી દેવાનો નથી કે નથી બંધિયાર બનાવવાનો. જો તેને મુક્ત સરિતારૂપે વહેવા દઈશું તો જળરૂપી ધર્મ નિર્મળ રહેશે. એ દરેક પંથના લોકોની ધર્મતૃષાને તૃપ્ત કરશે. એમ ધર્મથી અનેકોનાં કલ્યાણ થશે.

તળાવ, કૂવા, વાવ કે સરોવરનાં પાણીને આપણે આ અમુક કૂવાનું પાણી કે આ અમુક સરોવરનું પાણી એવાં ભિન્ન ભિન્ન નામ આપી શકીએ. એ તો અલગ અલગ જગ્યાએ મર્યાદિત રીતે માત્ર પાણી સાચવવાની સહજ વ્યવસ્થા છે. તે તમામ સ્થળોનાં પાણીમાં જલતત્ત્વ એક જ છે. આકાશી જળ સર્વત્ર અને સતત વરસતું હોય છે. એને આપણે શું નામ આપી શકીએ? એવું જ ધર્મતત્ત્વનું છે. નિર્મળ ઝાકળબિંદુરૂપે એ જળને આપણે ઝીલી લેવાનું છે.

અમરમુનિ વિહાર કરતાં કરતાં એક ગામે પહોંચ્યા. રાતવાસો કરવા સ્થળની શોધમાં હતા. આશ્રમના એક મહંતે તેમને કહ્યું કે, 'જૈનોની ધર્મશાળા છે ત્યાં જાવ.' મુનિ ધર્મશાળામાં પહોંચ્યા. રાતવાસો કરવા ધર્મશાળાના વ્યવસ્થાપકને પૂછ્યું, તે કહે, 'સ્થાનકવાસી સાધુ માટે અહીં વ્યવસ્થા નથી'. મુનિ આગળ ચાલ્યા. એકાંત જગ્યામાં

એક ઝૂંપડી હતી. ઝૂંપડીનું બારણું બંધ હતું. મુનિએ બહારથી પૂછ્યું: 'રાતવાસો કરવો છે, જગ્યા મળશે?' ઝૂંપડીનાં બારણાં ખોલી અંદરથી એક સંતે મુનિને આવકાર્યા. મુનિ કહે છે - સંતે ઝૂંપડીનાં જ નહિ, મનનાં બારણાં ખોલી નાખ્યાં.

ધર્મમાં સાંપ્રદાયિક કટ્ટરતા કે સંકુચિતતા, વિશાળતા અને મૈત્રીભાવનાં બારણાં બંધ કરી દે છે.

સંત કહે – 'મહારાજ, બીજું તો કાંઈ નથી, થોડું દૂધ છે તે લેશો?'

મુનિ કહે, 'જૈન સાધુ સૂર્યાસ્ત પછી કશું ન લે, પરંતુ તમારા પ્રેમ અને સ્નેહનું અમૃત તો મેં લઈ લીધું છે.'

ધર્મ અને પંથને અલગ કરવા જરૂરી છે. પંથમાં જ્યાં સુધી ધર્મ જીવે છે ત્યાં સુધી તો તેમાં એક નહિ, પણ હજાર પંથો હોય તોપણ તે માનવજાત માટે વરદાનરૂપ છે. પંથ ધર્મરહિત બને ત્યારે તે ખાબોચિયાની જેમ સડે છે. માટે જ જ્ઞાનીઓએ પંથને શરીર અને ધર્મને આત્મા કહ્યો. આત્મા ગયા પછી શરીર સડવા માંડે છે. માટે તેને અગ્નિદાહથી વિસર્જિત કરીએ છીએ. મહત્ત્વ સંપ્રદાય કે પંથનું નથી, મહત્ત્વ ધર્મનું છે. પંથ કે સંપ્રદાય પ્રેરિત વાદવિવાદોમાં અટવાશું તો સત્‌ધર્મનો માર્ગ ચૂકીશું. 'આત્મતત્ત્વ'ને પામવાની ઝંખના રાખીશું તો ગમે તે સંપ્રદાય, પંથ, ગચ્છ કે મતમાં હોઈશું તોપણ આત્મધર્મના રાજમાર્ગ પ્રતિ જઈ શકીશું.

માનવધર્મના સતત સ્મરણ સાથે આત્મલક્ષી સાધના, વિચાર, સર્વધર્મ સમભાવ, આ માટે સર્વધર્મ ઉપાસનામાં વિલીન થશે તો સ્વ પરના કલ્યાણનું કારણ બનશે.

# અપીલ

**તાજેતરના સમાચાર પ્રમાણે પર્યાવરણ ખાતા (સેન્ટ્રલ ગવર્નમેન્ટ)એ જૂનાગઢમાં રોપવે બનાવવાની મંજૂરી આપી દીધી છે. પાલિતાણામાં હસ્તગિરિ સુધી રોપવે બનાવવા માટે વિચારણાનાં બીજ વવાઈ ચૂક્યાં છે. ધાર્મિક ભાવનાને ઠેસ પહોંચાડતા આવા નિર્ણય માટે જૈનોને કોણ પૂછે છે? કારણ, આપણે સંગઠિત નથી. જૈન જાગૃતિ સેન્ટરનું મુખ્ય લક્ષ્ય જૈનોમાં એકાત્મતા સાધવાનું છે. આવી મતલબનો પત્ર સચિવશ્રીને દરેક જૈન સંસ્થાઓ મોકલે તો સરકારના નિર્ણયમાં ફરક આવે!**

માનનીય સચિવશ્રી,

'ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ ગાંધીનગર-૩૮૨૦૧૦ આપશ્રીનું કાર્યક્ષેત્ર' જે 'ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ' તરીકે કાર્યરત છે, જેના આપશ્રી મુખ્ય સચિવ છો. તેનું નામ ભલે 'ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ' હોય, પણ તેની પ્રવૃત્તિ પવિત્ર યાત્રાધામોને 'અપવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડમાં પરિવર્તિત કરવાની વિશેષ છે.'

સરકારશ્રી પાસે જનસાધારણને સુંદર અને સ્વચ્છ વાતાવરણ ઉપલબ્ધ કરાવી આપવાનાં ઘણાં જ કાર્યક્ષેત્રો છે. સુખાકારી અને તંદુરસ્તી સુલભ થાય તેવી ઘણી યોજનાઓ અકબંધ ફાઈલોમાં કોઈ પણ પ્રકારના નિર્ણય વગર ધૂળ ખાતી પડી છે. તો આવા સંજોગોમાં જે પવિત્ર જ છે, જે યાત્રાધામોમાં જ્યાં વિકાસના નામે તમારા તરફથી વિનાશ જ થવાનો છે, તેમાં આપશ્રીના માર્ગદર્શન દ્વારા વિકાસ બોર્ડ શા માટે બિનજરૂરી હસ્તક્ષેપ કરે છે, કે તે માટે વિચારણા કરે છે તે જ સમજાતું નથી. આવી 'વિકાસના નામે વિકૃત વિનાશક પ્રવૃત્તિ શા માટે?'

સુંદર એવું ગિરનાર તીર્થ જ્યાંનું ખુશનુમાન વાતાવરણ, સંતો-મહંતોની સાધનાનું સ્થાન તથા કુદરતી વાતાવરણમાં પ્રાણીઓને વિહરવાનું અભયારણ છે, ત્યાં વિકાસના નામે રોપવે નાખીને યાત્રાધામને પર્યટનધામમાં પરિવર્તિત કરવાની પ્રવૃત્તિ આજ આપના વિકાસ બોર્ડ દ્વારા થઈ રહી છે, જે ખૂબ જ દુઃખદ અને ધિક્કારપાત્ર છે. આવું જ આપશ્રીના બોર્ડ દ્વારા જૈનોના અનંતકાળથી પૂજાતા અને જૈનમાત્રને માટે આરાધના, સાધના અને આસ્થાસમું તીર્થાધિરાજ શત્રુંજયગિરિ જ્યાં તમે ત્યાં આવનારાઓ માટે જુદી જુદી કહેવાતી સગવડો ઊભી કરવા માગો છો. તમને ખબર છે, તમે શું કરવા જઈ રહ્યા છો? તેમ જ ખાસ કરીને ગુજરાત અને બહુલતયા વિશ્વમાં વસતા જૈનોની સરળતા, સજ્જનતા, સૌમ્યતા, ભદ્રિકતા તથા ધાર્મિકતા જેવા સદ્‌ગુણોનું જે ઊગમસ્થાન છે, એવા પરમ પવિત્ર ભરતક્ષેત્રનું એકમાત્ર શાશ્વત તીર્થનું તમારી ટૂંકી નજરથી હનન કરી રહ્યા છો. તેની પવિત્રતા નષ્ટ કરવા વિકાસના નામે તત્પર થયા છો. જે તીર્થભૂમિ પર લાખો જૈનો વર્ષોવર્ષ આવે છે તે જૈન ધર્મના અનુયાયીઓને ક્યારેય તમે પૂછ્યું કે તમને અહીં શું અગવડ છે? તમારે કઈ જાતની સગવડની જરૂરત છે? કહો, અમે સરકાર દ્વારા તમને શું મદદ કરી શકીએ તે જણાવો, અમે અમારાથી બનતું બધું જ તમારા માટે કરશું. આવો પ્રશ્ન કોઈ વખત કર્યો? પણ ના, સત્તામાં બેઠેલાઓની એક માનસિકતા હોય છે, કે આપણી સત્તાની રૂએ મુસીબત ઊભી કરો, પછી જેને દુખતું તે આવશે, પછી

આપણો રૂઆબ છાંટી આપણે મોટાભા બનશું અને દુઃખીજનોના તારણહાર બનવાનો ડોળ કરશું ને વાહવાહ મેળવીશું.

બહુલતયા આ પ્રકારની મનોવૃત્તિને કારણે ગુજરાતનાં પવિત્ર ધામો બોર્ડ દ્વારા અપવિત્ર થઈ રહ્યાં છે. જે ક્ષેત્રની પવિત્રતા, ગરિમા અને ઊંચાઈ આપને સમજાય નહીં તો તેને પ્રવિત્ર ક્યાંથી કરશો?

માનનીય સચિવસાહેબ, દેહસુખ ભોગવી કોઈએ સફળતાનાં શિખરો સર કર્યા નથી અને જો એમ જ હોય તો ઋષિમુનિઓ સંતો, સાધકો અને આરાધકો ક્યારેય વનવાસી, ગુફાવાસી થઈ કે પગપાળા દેશાટન કરી પવિત્ર યાત્રાધામોની યાત્રા કરવા ના નીકળતે.

આજે સમાજ પર જો કોઈનું પણ અનહદ ઋણ હોય તો તે આ આરાધક અને સાધકોનું છે. શરીર તો નાશવંત છે. સાધનાનું સાધન માત્ર છે. એની પરવા ક્યારેય કોઈ સાધકે કરી નથી. આવાં ધાર્મિક કારણોસર આપશ્રીને ખાસ વિનંતી કે આપશ્રી પવિત્રતોત્તમ એવા શત્રુંજય ગિરિરાજને જેમ છે અને ગિરનારને જેમ છે તેમ જ રહેવા દો. અગર ત્યાં કોઈ પણ જાતની સગવડો કે સુવિધાઓની જરૂર જણાશે તો જૈન સમાજ જ તે ઊભી કરશે અને સમાજ જે કરશે તે શાસ્ત્રીય સૂઝબૂઝ સાથે આવનાર યાત્રિકોની સાધનામાં વૃદ્ધિ કરાવનારી જ હશે.

આ યાત્રાધામની પવિત્રોત્તમ પવિત્રતાની કદાચ તમને જાણકારી નહીં હોય, માટે જ ખાસ વિનંતી કે શત્રુંજય ગિરિરાજની પર્યાવરણની દૃષ્ટિએ કે બીજી કોઈ પણ રીતે સ્વચ્છતા અને પવિત્રતા જાળવવા આપ ઈચ્છતા હો તો તે શ્રી શત્રુંજય તીર્થને જૈન ધર્મના અનુયાયીઓને સોંપી દો. આપે લીધેલો તે પ્રમાણેનો નિર્ણય ક્યારેય તમને પસ્તાવો નહીં કરાવે, બલકે તમે જે હોદ્દા પર રહ્યા છો, ત્યાં રહી એક ખૂબ જ પવિત્ર કાર્ય કર્યાનો અહેસાસ કરાવશે. જે કાર્યને તમે Job Satisfaction તરીકે તેની યાદ જિંદગીભર વાગોળી શકશો. આ કાર્યનો આનંદ તમને બહારનો આનંદ તો આપશે જ, પણ આંતરિક આનંદ તમારે માટે અકલ્પનીય હશે એ ચોક્કસ. માનનીય સાહેબશ્રી, અમારી સાલસતાને અમારી નબળાઈ ન સમજતા, પણ અમારી સહકારપૂર્વક રજૂઆતને જરૂરથી વખાણશો.

આ તીર્થધામની આપના તરફથી, તમારી બિનજરૂરી દખલગીરીથી વિરમશો એવી અમારી તીવ્રતમ લાગણીભરી ભલામણ સાથે, આપના પ્રત્યુત્તરની અપેક્ષા સાથે.

આપની સુખાકારીની શુભકામના સાથે સંપૂર્ણ જૈન સમાજ.

*પ્રેષક : પ્રવીણચંદ્ર વ. શાહ*

## BIO DATA



**Name : RICHA**
**Father :** Rajesh H. Mehta (Son of Hasmukhbhai & Varshaben Mehta)
**Mother :** Charu R. Mehta (Daughter of Late Trikamlal & Late Kanaktaraben Buch)
**Religion :** Jain (Sthanakvasi / Deravasi)

**D.O.B. :** 29th March 1986 / 4.10 a.m. / Rajkot
**Height :** 5'-6"
**Education :** Studied General Studies in Photography from International Center of Photography, Manhattan, New York, USA. Did Diploma in Applied arts (Advertising) from L. S Raheja, Worli, Mumbai. Did Schoolling from Nirmala Convent School, Rajkot.
**Hobbies :** Reading, Dancing, Listening Music, Photography, Cooking.
**About Me :** I am extrovert with excellent communication skills. I am highly creative but at the same time I am good in household work. I love socialising as well as spending quality time with family.
**Sibling :** One younger sister
**Father's Business :** Cloth Merchant
**"Mehta Brothers:**
7, Shaligram Complex, Opp. Diwanpara Police Chowki, Bhupendra Road, Rajkot. Gujarat. India. Phone: +91-281-6538159 Mobile : +91-9824210395.
**Residence :** "Asopalav", 6th Vardhmannagar, Palace Road, Rajkot, Gujarat. INDIA.
**Uncle :** Rahul H. Mehta (New Jersey, USA) Mobile : 011-6462500500.
**Occupation:** Diamond Merchant (New York, USA)
**Mosal :** Late Anil T. Buch. (Ankleshwar)
Late Virendra T. Buch (Ahmedabad)
**Email :** richa29386@gmail.com
**Contact :** +91-9825105872

(જા X ખ)

(ક x ખ)

(જા X ખ)

(જા X ખ)

# PERSONAL DETAILS



**Name** : **Ms. Karishma Jitendra Shah**
**Birth Date** : 8th October, 1983
**Birth Place** : Mumbai
**Height** : 5'-3”--- 160cm
**Weight** : 50 kg
**Qualification** : **M.B.A.** from La Trobe University, Australia
**Diploma in Business Management** from Welingkar, Mumbai
**M.Com.** from Mumbai University
**Religion** : Visa Nima Deravasi Jain
**Email** : jitoo.251@hotmail.com

**FAMILY BACKGROUND** :
**Father** : Jitendra Kantilal Shah Cell: 9322403039/ 9870240166
**Business** : Kalpjit Jigs Fixtures Pvt. Ltd., Thane
**Mother** : Kalpana Jitendra Shah Cell: 9323129012
**Brother** : Kalpjit Jitendra Shah (Married)
**Resi.Address** : 3, Gagangiri, Panchpakhadi, Thane-West. Tel: 25397336

**PARENTAL FAMILY DETAILS** :
**Grandfather** : Late Kantilal Manilal Shah
**Native** : Vejalpur, Dist: Panchmahal Gujarat
**Uncle (Elder)** : Shri Bipin Kantilal Shah (Emkay Fasteners-Thane)
**Uncle (Younger)** : Shri Vijay Kantilal Shah (Bombay Tractor Parts-Mumbai)
**Uncle (Younger)** : Shri Vinay Kantilal Shah (Towero Steel-Mulund)
**Aunt** : Smt Seema Mehta, Houston, U.S.A
: Smt Tarlika Shah, California, U.S.A
: Smt Niranjana Shah, New York, U.S.A

**MATERNAL FAMILY DETAILS** :
**Grandfather** : Late Shri Dhirubhai Laxmichand Shah
**Grandmother** : Smt Kantaben Dhirubhai Shah, Dallas, U.S.A
**Native** : Rojid Saurashtra
**Mama** : Shri Prakash Dhirubhai Shah, Dallas, U.S.A

# ફાગણ સુદ તેરશ - શત્રુંજય ગિરિરાજની છ ગાઉ પ્રદક્ષિણા યાત્રા પાલિતાણા ખાતે લાખો ભાવિકો ઊમટશે

■ ચીમનલાલ કલાધર

જૈન શાસ્ત્રકારોએ ફરમાવ્યું છે કે આ વિશ્વમાં નવકાર મંત્ર જેવો કોઈ મહામંત્ર નથી, પર્યુષણ પર્વ જેવું કોઈ મહાપર્વ નથી, કલ્પસૂત્ર જેવું કોઈ પ્રભાવશાળી શાસ્ત્ર નથી અને તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ગિરિરાજ જેવું કોઈ મહાન તીર્થ નથી.

સૌરાષ્ટ્રના પાલિતાણા શહેરમાં આવેલ શ્રી શત્રુંજય તીર્થનો જૈનોમાં ભારે મહિમા છે. આ તીર્થ પર અનંતાનંત પુણ્યાત્માઓ સિદ્ધગતિને પામ્યા હોઈ અહીં તસુએ તસુ જમીન અતિપવિત્ર મનાય છે. શત્રુંજય તીર્થ પર ફાગણ સુદ-૧૩ના દિવસે શ્રી શામ્બ અને પ્રદ્યુમ્ન સાડા આઠ કરોડ મુનિઓ સાથે અનશન કરીને મોક્ષપદને પામ્યા છે. તેથી આ દિવસે શત્રુંજય ગિરિરાજની છ ગાઉની પ્રદક્ષિણા યાત્રાનો અપૂર્વ મહિમા છે. સમગ્ર ભારતમાંથી પાલિતાણામાં આ દિવસે લાખો ભાવિકો શત્રુંજય ગિરિરાજની યાત્રા કરવા માટે ઊમટે છે. આ યાત્રાનું માહાત્મ્ય દર્શાવતાં લખાયું છે કે-

'શામ્બ-પ્રદ્યુમ્ન ઋષિ કહ્યા, સાડી આઠ કરોડ;
તે તીર્થેશ્વર પ્રણમીએ, પૂર્વ કર્મ વિછોહ.'

આત્મપરિણામને નિર્મળ બનાવનારાં અનેક તીર્થસ્થાનોમાં શ્રી શત્રુંજય ગિરિરાજનું સ્થાન સૌથી મોખરે છે. નદીના પ્રવાહની જેમ યાત્રિકોનો સ્રોત આ પાવન તીર્થમાં અવિરત વહ્યા કરે છે. અહીં આવનાર આત્મા કોઈ દિવ્યધામમાં આવી પહોંચ્યાનો અહેસાસ અનુભવે છે. આ તીર્થના પ્રભાવથી અહીં અનંત આત્માઓ સકલ કર્મનો ક્ષય કરી મોક્ષગતિ પામ્યા છે અને એથી જ આ તીર્થનો જૈન આલમમાં ભારે મહિમા છે. શત્રુંજયનો મહિમા ગાતાં કહેવાય છે કે-

'અકેકું ડગલું ભરે, શત્રુંજય સમો જેહ;
ઋષભ કહે ભવ ક્રોડના, કર્મ ખપાવે તેહ.'

શ્રી સુધર્માસ્વામીએ રચેલ 'મહાકલ્પ'માં આ તીર્થના શત્રુંજયગિરિ, સિદ્ધાચલ, વિમલાચલ, પુંડરિકગિરિ, સિદ્ધક્ષેત્ર, શતકુટ, મુક્તિનિલય, ઢંકગિરિ, ભગીરથ, મોહિતગિરિ જેવાં ૧૦૮ નામોનો ઉલ્લેખ મળે છે. શ્રી ધનેશ્વરસૂરિ રચિત 'શત્રુંજય માહાત્મ્ય' નામના ગ્રંથમાં આ તીર્થનો મહિમા બતાવતાં જણાવાયું છે કે અન્ય તીર્થોમાં જઈ ઉત્તમ ધ્યાન, દાન, શીલ, પૂજન વગેરે કરવાથી જે ફળ મળે છે તેનાથી અનેક ગણું ફળ માત્ર શ્રી શત્રુંજય તીર્થની કથા સાંભળવાથી મળે છે. અઈમુત્તા કેવલી ભગવંતે નારદઋષિને આ તીર્થનું માહાત્મ્ય વર્ણવતાં કહ્યું છે કે અન્ય તીર્થમાં ઉગ્ર તપસ્યાથી, બ્રહ્મચર્યથી જે ફળ પ્રાપ્ત થાય છે તે ફળ અત્રે માત્ર વસવાથી જ મળે છે. વળી એક કરોડ મનુષ્યને ભોજન કરાવવાથી જે ફળ મળે છે તે આ તીર્થમાં માત્ર એક ઉપવાસ કરવાથી મળે છે.

અત્રે પૂજા કરવાથી અનંત ગણું પુણ્ય મળે છે. આ તીર્થની ચોવિહારો છઠ્ઠ કરીને જે વ્યક્તિ સાત યાત્રા કરે છે તે ત્રીજે ભવે મોક્ષપદને પામે છે. અષ્ટાપદ, સમ્મેતશિખર, ગિરનાર, પાવાપુરી, ચંપાપુરી વગેરે તીર્થોનાં દર્શન-વંદન કરતાં શતગણું ફળ આ તીર્થની યાત્રા કરતાં મળે છે.

શ્રી શત્રુંજય ગિરિરાજની છ ગાઉ પ્રદક્ષિણા યાત્રા પરોઢિયે પાંચ વાગ્યાથી શરૂ થાય છે. સર્વપ્રથમ શત્રુંજય ગિરિરાજની તળેટીએ ભાવિકો દર્શન ચૈત્યવંદન કરીને આગળ વધે છે. ગિરિરાજ ઉપર પહોંચીને શ્રી શાંતિનાથ ભગવાનના જિનાલયે, રાયણ પગલાંએ, પુંડરિકસ્વામીના દેરાસરે અને તીર્થાધિપતિ શ્રી આદિનાથ ભગવાનના જિનાલયે એમ પાંચ ચૈત્યવંદન કરી શત્રુંજય મંડન શ્રી આદિશ્વર પ્રભુને ભાવપૂર્વક ભેટીને રામપોળની બહાર નીકળી જમણી તરફના રસ્તેથી છ ગાઉ પ્રદક્ષિણા યાત્રાનો પ્રારંભ થાય છે. ત્યાંથી થોડા આગળ વધતા જમણી બાજુ ઊંચી દેરીમાં છ પ્રતિમાનાં દર્શન થાય છે. આ છ પ્રતિમાઓની કથા એમ છે કે વસુદેવની પત્ની દેવકીએ કૃષ્ણજીની પહેલાં છ પુત્રોને જન્મ આપ્યો હતો, પણ જન્મની સાથે જ હરિણૈગમેષી દેવે તેમને નાગદત્તની પત્ની સુલેખા પાસે મૂકી દીધા. ત્યાં તેઓ મોટા થઈ નેમિનાથ પ્રભુ પાસે દીક્ષા લઈ સાધના કરવા લાગ્યા. ત્યાર પછી આ છએ મુનિઓ કેવળજ્ઞાનને પામ્યા અને સિદ્ધગિરિ પર મોક્ષે ગયા. અહીં આ છ પ્રતિમાને 'નમો સિદ્ધાણં' કહી સૌ ભાવપૂર્વક દર્શન કરી આગળ વધે છે.

અહીં હવે ઊંચો-નીચો રસ્તો શરૂ થાય છે. આ માર્ગે આગળ વધતાં 'ઉલ્કાજલ' નામનું પોલાણ-ખાડો આવે છે. દાદા આદિનાથ પ્રભુનું ન્હવણ (પક્ષાલ) જમીનમાં થઈ અહીં

આવે છે એમ મનાય છે. અહીં ડાબી બાજુ એક નાની દેરીમાં શ્રી આદિનાથ ભગવાનનાં પગલાં છે. અહીં લોકો વિધિ સહિત ચૈત્યવંદન કરે છે. શ્રી શત્રુંજય ગિરિરાજની છ ગાઉની પ્રદક્ષિણાનો ચાર કલાકનો આ રસ્તો ઘણો આકરો અને કષ્ટદાયી છે. તેમ છતાં આ પવિત્ર દિવસનો મહિમા સમજી લાખો યાત્રિકો ખૂબ જ આનંદોલ્લાસથી આ પ્રદક્ષિણા યાત્રા કરીને પોતાનું જીવન કૃતાર્થ કરે છે. આવી મહાન યાત્રાનો અવસર મહાપુણ્યયોગે મળ્યો છે તેમ સમજીને લોકો પોતાનો બધો થાક અને કષ્ટ ભૂલીને દાદા આદિશ્વર ભગવાનની જય બોલાવતા ઉત્સાહથી આગળ વધે છે. ત્યાંથી આગળ વધતા શ્રી અજિતનાથ અને શ્રી શાંતિનાથ ભગવાનની બે દેરીઓ આવે છે. તેમાં આ બંને ભગવાનનાં પગલાં છે.

શ્રી અજિતનાથ અને શ્રી શાંતિનાથ પ્રભુએ શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર ચાતુર્માસ કરેલ તેની સ્મૃતિમાં અહીં સામસામી બંને દેરીઓ બનાવવામાં આવી હતી. એકદા શ્રી નેમિનાથ ભગવાનના સમયમાં થયેલ શ્રી નંદિષેણસૂરિ અહીં આવી ચૈત્યવંદન કરવા લાગ્યા. દેરીઓ સામસામી હોવાથી પૂંઠ પડવા લાગી. જેથી તેઓએ અહીં 'અજિતશાંતિ' નામના મંત્રગર્ભિત સ્તવનની રચના કરી. આ સ્તવનના પ્રભાવથી બંને દેરીઓ પાસેપાસે આવી ગઈ. આ નંદિષેણસૂરિ સાત હજાર મુનિઓ સાથે આ તીર્થમાં અણસણ કરી મોક્ષે ગયા છે. અહીં 'નમો સિદ્ધાણં' કહી ચૈત્યવંદન કરી લોકો આગળ વધે છે.

અહીંથી આગળ વધતાં ચિલ્લણ તલાવડીનું પવિત્ર સ્થળ આવે છે. શીતલ જળથી ભરપૂર એવી આ પવિત્ર જગ્યાને લોકો 'ચંદન તલાવડી' તરીકે પણ ઓળખે છે. ઋષભદેવ પરમાત્માના શાસનમાં થયેલ ચિલ્લણમુનિ સંઘ સાથે શ્રી શત્રુંજય ગિરિરાજ પધાર્યા હતા. હર્ષાવેશમાં લોકો જુદા જુદા રસ્તેથી ગિરિરાજ ઉપર ચઢવા લાગ્યા. સખત ગરમીને લીધે સંઘ અતિશય તૃષાતુર થઈ ગયો.

